# યુગગીતા

(ભાગ-૧)

✪


લેખક
ડૉ. પ્રણવ પંડ્યા


✪


પ્રકાશક
શ્રી વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ
શાંતિકુંજ હરિદ્વાર
ઉત્તરાંચલ

પ્રથમ આવૃત્તિ સન્ ૨૦૦૧ કિંમત રૂપિયા-૪૦

**લેખક**

**ડૉ. પ્રણવ પંડ્યા**

**પ્રકાશક-**

**શ્રી વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ,**

**શાંતિકુંજ, હરિદ્વાર (ઉત્તરાંચલ)**

**પ્રથમ આવૃત્તિ-**

**શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ૨૦૦૧**

**કિંમત-૪૦ રૂપિયા**

**પત્ર વ્યવહારનું સરનામું**

ગાયત્રી તીર્થ-શાંતિકુંજ

હરિદ્વાર, ઉત્તરાંચલ-૨૪૯૪૧૧

**ફોન-**( 0133 )૪૬૦૬૦૨ **ફેક્સ-**૪૬૦૮૬૬

# પ્રસ્તાવના

આજ સુધી ગીતા પર ન જાણે કેટલાયે ભાષ્યો લખાઈ ચૂક્યા છે. પરંતુ ગીતા દૈનિક જીવન માટે એક એવું પાઠ્યપુસ્તક છે, જેનું જેટલીવાર પણ અધ્યયન કરવામાં આવે છે, ત્યારે કેટલાક નવા નવા અર્થો સમજમાં આવે છે. પરમ પૂજ્ય ગુરુદેવે પોતાના દરેક શ્વાસોશ્વાસ સાથે આખું જીવન ગીતા જેવું જીવન જીવ્યા. જેમ જેમ આ અકિંચનને તેમની નજીકમાં આવવાની તક મળી, તેમતેમ એનાથી એવું લાગ્યું કે જાણે યોગેશ્વર શ્રીકૃષ્ણ સ્વયં મારી સામે વિદ્યમાન છે. ગીતા સંજીવની વિદ્યાની માર્ગદર્શિકા છે અને એક મહાકાવ્ય પણ છે. પરમ પૂજ્ય ગુરુદેવ દ્વારા પ્રસંગો પાત્ત ઉચ્ચારવામાં આવેલ અમૃતવાણી તથા તેમની કલમમાંથી વહેતી પ્રાણચેતનાની સાથે જ્યારે ગીતાના તત્વદર્શનને મેળવવામાં આવે છે, ત્યારે અધ્યયન કરનાર વાંચકને તથા સાંભળનાર શ્રોતાના એક ખૂબ જ નિરાળા આનંદની અનુભૂતિ થાય છે. એ આનંદની સ્થિતિ સુધી પહોંચી અનુભૂતિના શિખર પર આ **યુગગીતા** મહાગ્રંથ રચવામાં આવ્યો છે.

મન્વન્તર, કલ્પ બદલાતા રહે છે, યુગ આવે છે, જાય છે પરંતુ કેટલુંક શિક્ષણ એવું હોય છે, કે જે યુગધર્મ એ સમયની પરિસ્થિતિઓ માટે, એ સમયગાળામાં જીવનારાઓ માટે એક અનિવાર્ય કર્મ બની જાય છે. યુગગીતાનું વાંચન કરનારા વાંચકોને કંઈક એવું જ લાગશે. એમાં જે કોઈપણ વ્યાખ્યા આપવામાં આવી છે, તે યુગની અનુકૂળ છે. તેને શાસ્ત્રોક્ત અર્થમાં પણ સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે અને પ્રયત્ન એ પણ કરવામાં આવ્યો છે કે અગર એ જ વાતને આપણે અન્ય મહામાનવોના દૃષ્ટિકોણથી સમજવાનો પ્રયત્ન કરીએ, તો આપણાંને કેવું જ્ઞાન મળે તથા તે પણ આપણાંને જાણે. પરમ પૂજ્ય ગુરુદેવના ચિંતનની સર્વાંગપૂર્ણતા એમાંજ છે, કે એમની કલમ, અમૃતવાણી વગેરે તમામનો દરેક શબ્દ, દરેક વાક્ય જાણે

ગીતાના શિક્ષણને જ પ્રતિપાદિત તથા પરિભાષિત કરતા ચાલ્યા ન જઈ રહ્યા હોય એમ લાગે છે. આ જ એ વિલક્ષણતા છે, જે આ ગ્રંથને બાકીના અન્ય સામાન્ય ભાષ્યોથી અલગ તારવે છે.

પરિજનો યુગગીતાના રજુ કરવામાં આવેલ તત્વજ્ઞાને, કે જેનું પ્રથમ ખંડ રૂપે વાંચન કરી રહ્યાં છે તેને કાર્યકર્તાઓના માર્ગદર્શન (સેવા ધર્મમાં કર્મયોગનો સમાવેશ તથા દૈનિક જીવનમાં આધ્યાત્મનું શિક્ષણ) માટે શાંતિકુંજના સત્સંગ હૉલમાં લેખક દ્વારા ૧૯૯૮ના નવેમ્બર માસથી ડિસેમ્બર માસના અંતિમ અઠવાડિયા સુધી ચલાવવામાં આવેલ વ્યાખ્યાન માળા (અઠવાડિયામાં બે પ્રવચનનો )અંતર્ગત રજૂ કરવામાં આવેલ હતું. હવે એની શાંતિકુંજમાં કેસેટો મળી રહે છે. ૧૯૯૯ના મે માસથી લખતા સમયે જ્યારે ''અખંડ જ્યોતિ'' માસિકમાં ધારાવાહિક રૂપે આપવાનો આરંભ કરવામાં આવ્યો ત્યારે તેમાં અનેક પરિવર્તનો કરવામાં આવ્યા. તેમાં અવતરણોને વિસ્તાર પૂર્વક આપવામાં આવ્યા તથા તેની પ્રમાણિકતા માટે અનેક ગ્રંથોનું ફરી અધ્યયન કરવામાં આવ્યું. ''અખંડ જ્યોતિ'' માસિકના પાછલા અનેક વર્ષોના અંકો પણ ઉથલાવવામાં આવ્યા અને પ્રસંગોપાત્ત પૂજ્ય ગુરુદેવ દ્વારા આપવામાં આવેલ નિર્દેશોથી ભરેલી ડાયરીઓ પણ જોવામાં આવી. જે ક્યારેક બોલવામાં રહી ગયું હતું અથવા એ વિચારોમાં અધૂરા જેવું રહી ગયું હતું, તેને આલેખનમાં પૂરા કરવાનો આ નાનકડો પ્રયત્ન માત્ર થયો છે.

''ગીતા વિશ્વકોષ'' એ પરમ પૂજ્ય ગુરુદેવનો સ્વપ્નનો ગ્રંથ છે. તેને માટે તેઓ કેટલા પ્રારંભિક નિર્દેશો પણ આપી ગયા છે. એ જ્યારે બનીને તૈયાર થશે, ત્યારે એ નિશ્ચિત એક અદ્‌ભુત અનુપમ ગ્રંથ હશે. યુગગીતાને તેની પૂર્વ ભૂમિકા રૂપે ખંડખંડમાં રજૂ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે, કે જેથી વિશ્વકોષની પૃષ્ઠભૂમિ બની શકે. આ વિશ્વકોષમાં સમગ્ર દુનિયાના સંદર્ભો, ભાષ્યોના દૃષ્ટાંતો તથા વિભિન્ન મહામાનવોના અભિપ્રાયો હશે. એ સૂર્ય હશે અને યુગગીતા

તેનું માત્ર એક કિરણ છે. અનેક યુગોમાં ગીતાનું ગાન કરવામાં આવતું રહ્યું છે અને લાખો વ્યક્તિઓ એમાંથી માર્ગદર્શન મેળવતા રહ્યા છે, પરંતુ આ યુગમાં, કે જ્યારે સમગ્ર સમાજમાં તથા સમગ્ર વિશ્વમાં વિશાળ ધોરણે વ્યાપક પરિવર્તન થવા જઈ રહ્યું છે. ત્યારે યુગગીતાનું વિશેષ મહત્વ છે. યુગગીતાનો આ ગ્રંથ કેટલા ખંડોમાં પ્રકાશિત થશે, એ અત્યારે બતાવી ન શકાય. ચોથો અધ્યાય આવતા આવતા કરવામાં આવેલ માત્ર વીસ શ્લોકના વિવેચનમાં નવ લેખ આપવામાં આવ્યા છે, હજી બીજા નવ લેખ લખવામાં આવશે ત્યારે પૂરો થશે. એનાથી કલ્પના કરી શકાય તેમ છે, કે આ ગીતામૃત કેટલો વિશાળ જ્ઞાનનો ભંડાર છે.

ઉદ્દેશ માત્ર આ જ રહ્યો છે કે ગ્રંથથી જનજનને જ્ઞાનનો પ્રકાશ મળે, આ યુગપરિવર્તનની ક્ષણોમાં જીવન જીવવાની કલાનું માર્ગદર્શન મળે, જીવનના દરેક વળાંક પર જ્યાં કપટભર્યા દાવપેચ યુક્ત રમત રમાતી હોય, એવી સ્થિતિમાં એવું શિક્ષણ મળે કે એને એક યોગીની જેમ કેવી રીતે હલ કરવું તથા સતત આગળને આગળ વધતા જવું. આ ગ્રંથમાં લેખકના પોતાના જ્ઞાનનું, વિદ્વતાનું કોઈ યોગદાન નથી. આ બધું જ પૂજ્ય ગુરુદેવના શ્રીમુખમાં વહેલ મહાજ્ઞાન છે. જે આ કલમમાંથી નિકળી ગયું અથવા પ્રવચનમાં પ્રગટ થયું. ગુરુજીની કૃપા ન હોત, વડીલોની સહાનુભૂતિ ન હોત, વિદ્વાન વાંચકોની પ્રેમ ભરી પ્રતિક્રિયા ન હોત, તો કદાચ આ ગ્રંથ આકાર ન લઈ શક્યો હોત. આ ગીતા જ્ઞાનના વિવેચન રૂપી યુગગીતાનો પ્રથમ ખંડ શ્રધ્ધાસભર ઉર્મીઓથી ગુરુજીના શ્રી ચરણોમાં રજૂ કરવામાં આવી રહેલ છે.

**શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ૨૦૦૧** **-ડૉ.પ્રણવ પંડ્યા**

# અનુક્રમણિકા


| ક્ર૦ | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧. | ગીતાનું મહાત્મ્ય | ૭ |
| ૨. | ગીતાનો પ્રથમ અધ્યાય-અર્જુનનો વિષાદ | ૨૫ |
| ૩. | સદ્ગુરુ રૂપે ભગવાનનું વરણ | ૩૪ |
| ૪. | ગુરુ આપણાંને આત્મ ઉન્મુખ બનાવવા અરીસો દેખાડે છે | ૪૨ |
| ૫. | યોગસ્થ બની યુગધર્મનો નિભાવ કરો | ૫૨ |
| ૬. | જે પરમાત્માની શક્તિમાં લીન છે, એ જ સ્થિત પ્રજ્ઞ છે | ૬૧ |
| ૭. | આસક્તિમાંથી કેવી રીતે નિવૃત્તિ થાય | ૭૧ |
| ૮. | સ્થિતપ્રજ્ઞ-પ્રજ્ઞાવાનની આ જ ઓળખ | ૭૮ |
| ૯. | કોઈ કર્મ કર્યા વગર કેવી રીતે રહી શકે | ૯૨ |
| ૧૦. | ગીતાનો કર્મયોગ વ્યવહારિક આધ્યાત્મનો મર્મ શિખડાવે છે | ૯૮ |
| ૧૧. | આપણું કર્મ યજ્ઞ નિમિત્તે જ હોય | ૧૦૫ |
| ૧૨. | શિક્ષણ યજ્ઞ કર્મ રૂપે જીવન જીવવાનો મર્મ | ૧૧૨ |
| ૧૩. | લોકશિક્ષણ માટે સમર્પિત જાગૃત આત્માઓનું કર્મ | ૧૨૨ |
| ૧૪. | કોઈ કર્મ કર્યા વગર કેવી રીતે રહી શકે | ૧૩૧ |
| ૧૫. | આત્માભિમાન છોડીને જ કર્મયોગી બની શકાય | ૧૩૮ |
| ૧૬. | जाहि शत्रुं महाबाहो कामरूपं दुरासदम् | ૧૪૮ |

# ગીતાનું મહાત્મ્ય

## गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्रविस्तरैः

શ્રીમદ્ ભગવત્ ગીતાના વિષયમાં જે માહાત્મ્ય પ્રધાન સ્તુતિ આવે છે, ત્યાંથી જ એનો શુભારંભ થાય છે. ભગવાન શ્રીકૃષ્ણના દ્વૈપાયન વ્યાસ મુખથી નિકળતી સ્તુતિનું આ વાક્ય છેઃ-

**गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्रविस्तरैः।**
**या स्वयं पद्मनाभस्य मुखपद्माद्विनिःसृता॥**

અર્થાત્ ''જેને ગાઈ શકાય, એવું સુંદર કાવ્ય છે,ગીતા. એનું પઠન તથા મનન કર્યા પછી આપણાંને અન્ય શાસ્ત્રોને વિસ્તાર પૂર્વક જાણવાની જરૂરિયાત જ શું છે? એ તો સ્વયં ભગવાન પદ્મનામ વિષ્ણુના મુખમાંથી નિકળેલી છે, એવામાં એનું માહાત્મ્ય જેટલું પણ બતાવવામાં આવે, એટલું ઓછું છે.'' આપણે જ્યારે એના પદને સમજવાનો પ્રયત્ન કરીએ છીએ, ત્યારે જાણ થાય છે, કે માત્ર ગીતાનો પાઠ જ નહીં, પરંતુ અર્થ અને ભાવ સહિત એને હૃદયમાં ધારણ કરી લેવી એ એના મનન કરવા સમાન છે. ગીતા એક દર્શન છે, જીવન સંજીવની છે, એને જેટલીવાર વાંચવામાં આવે છે, ત્યારે એક નવું જીવન જીવવાનો સિધ્ધાંત હાથમાં આવી જાય છે. અર્થાત્ એને પૌરાણિક ઢબે માત્ર શ્લોકોના પાઠ સુધી જ મર્યાદિત ના રાખો, એને ભગવાનની વાણી સમજતા આત્મસાત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ, એ દૈનિક જીવનમાં કામ કરવાની શૈલીરૂપે અભિવ્યક્ત થવું જોઈએ, ત્યારે જ ગીતાના પાઠનું મહત્વ છે. આ જ શ્રીમદ્ ભગવત્ ગીતાના માહાત્મ્ય અધ્યાયમાં આગળ આવે છે.

**सर्वोपनिषदो गावो दोग्धा गोपालनंदनः।**
**पार्थो वत्सःसुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत्॥**

અર્થાત્ તમામ ઉપનિષદ ગાયો સમાન છે. એ ગૌમાતાને દોહવાનું કામ ભગવાન શ્રીકૃષ્ણ-ગોપાલનંદને કર્યું. એમાં આ જ્ઞાન રૂપી દુગ્ધામૃત પીનાર રૂપે પાર્થ અર્જુન (પૃથાના પુત્ર હોવાના નાતે) વાછડાં સમાન વિદ્યમાન છે. ગીતામાં જ સમગ્ર ઉપનિષદોનો નિચોડ છે. એ અમૃતને સ્વયં ભગવાને યોગીરાજ રૂપે આ કાવ્યના અઢાર અધ્યાયના સાતસો શ્લોકો દ્વારા રજુ કર્યું છે. આ જ એ જ ગ્રંથના અત્યંત મહત્વના તથા

વિશેષતા ધરાવતા સ્થળનું સૂચક છે.

કોર્ટમાં ગીતાના સોગંદ લેવામાં આવે છે. આ કારણે જ ગીતાને હિંદુધર્મનો પ્રતિનિધિ ગ્રંથ માનવામાં આવે છે. મુસલમાનો કુરાનના, ખ્રિસ્તીઓ બાઈબલના સોગંદ ખાય છે, તો હિન્દુ ધર્મમાં ગીતાને એની સમકક્ષ સ્થાન આપવામાં આવ્યું છે. તમામ વિદ્વાનોએ મળી ગીતાનો જ હિંદુ ધર્મના પ્રતિનિધિ ગ્રંથ રૂપે સ્વીકારી કહ્યું કે હિંદુઓએ ગીતાના જ સોગંદ ખાવા જોઈએ. એનાથી જ આ ગ્રંથના માહાત્મ્યનો પરિચય મળે છે. અગર વેદો તથા ઉપનિષદો સૌનો સાર ક્યાંય એક જ જગ્યા જો હોય, તો તે ‘ગીતા’માં જ છે. પ્રસ્થાનત્રયીની અંતર્ગત બ્રહ્મસૂત્ર, ઉપનિષદો પછી શ્રીમદ્ ભગવત્ ગીતાને લેવામાં આવી છે. આ ત્રણ ગ્રંથો ભારતીય આધ્યાત્મના આધારભૂત ગ્રંથો છે અને આ પથ પર આરુઢ થનારાઓ માટે વિશેષ મહત્વ ધરાવે છે.

દ્વાપર યુગમાં ભગવાન શ્રીકૃષ્ણ રૂપે તથા કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ રૂપે ચોવીસ અવતારો પૈકી બે અવતાર થયા. બન્ને ગીતા સાથે સંકળાયેલ છે. ભગવાન શ્રીકૃષ્ણે ગીતા સંભળાવી. જ્યારે શ્રી વ્યાસજીએ એને કાવ્યાત્મક સ્વરૂપ આપીને લખી. બન્ને વિષ્ણુના અવતાર છે. મહાભારત ગ્રંથ શ્રી વ્યાસજી દ્વારા લખવામાં આવ્યો છે, ગીતાને એનું એક અંગ માનવામાં આવી છે. મહાભારતમાં અઢાર પર્વ છે, જેમાં પૂર્વાર્ધમાં ૬ પર્વ તથા ઉતરાર્ધમાં બાર પર્વ છે. આ વર્ણનમાં પરિસ્થિતિઓ વચ્ચે કેટલું બધુ સામ્ય છે, કે જ્યાં સાત અક્ષૌહિણી સેના એક તરફ હતી, બીજી તરફ અગિયાર અક્ષૌહિણી સેના હતી. આ બન્ને વચ્ચે ખેલાયેલ મહાયુધ્ધનું આ મહાકાવ્ય છે,આ મહાભારત. એમાં જ ગીતા સંભળાવવામાં આવી છે. ઋષિમુનિઓએ જેટલું પણ તત્વજ્ઞાન આપ્યું છે, એ બધુ જ વનોમાં, ડુંગરાઓની ગુફાઓ તથા કંદરાઓમાં આપ્યું છે, પરંતુ ગીતા જેવું તત્વજ્ઞાન યુધ્ધના મેદાનમાં બન્ને સેનાઓ વચ્ચે ઉભા રહી આપવામાં આવ્યું છે. જે આ ગ્રંથની વિશેષતા છે. ગીતામાં પણ મહાભારતના અઢાર પર્વની જેમ અઢાર અધ્યાય છે, જેને છ છ અધ્યાયના ત્રણ ખંડમાં વહેંચી શકાય. પ્રથમ છ અધ્યાય સુધીમાં ભક્તિયોગ પર ખૂબ જ માર્મિક વિવેચન આપવામાં આવ્યું છે તથા અંતિમ છ અધ્યાય જ્ઞાનયોગની પરાકાષ્ઠા સુધી લઈ જઈને અર્જુનને સ્વધર્મની, યુગધર્મની મહત્તા બતાવતા એના

સમર્પણની સાથે સમાપ્ત થાય છે. આ રીતે ગીતામાં કર્મ, ભક્તિ તથા જ્ઞાનની ત્રિવેણી ઠેરઠેર ગુંથાયેલી જોઈ શકાય તેમ છે, પરંતુ તમામ અધ્યાયનો ઝુકાવ જે દિશામાં છે, એ આ વિભાજન ક્રમની અનુસાર નિર્વાહ કરી કહેવામાં આવ્યું છે.

આ ગ્રંથમાં ગ્રંથકારનો મહિમા જોડાવાથી એની વિશેષતાના મંડાણ થાય છે. ગ્રંથકાર એને કહેવાય છે,કે જે ગ્રંથનો જન્મ આપે છે. માતા સમગ્ર શક્તિનો આત્મસાત કરે છે અને એના જન્મના સમયે એને પોતાના બાળક રૂપે, એક અદ્‌ભુત રચના રૂપે જગતને આપે છે. ગીતામાં જે કંઈ પણ જ્ઞાન છે, એ ભગવાન શ્રીકૃષ્ણે યોગસ્થ બની આત્મસાત કરી અર્જુનને કહ્યું છે. એટલા માટે આપણે ભગવાન શ્રીકૃષ્ણની સાથે ગીતાના મર્મને આત્મસાત કરી શકીશું. વિનોબાજી ગીતાને ગીતાઆઈ કહ્યા કરતાં હતાં. મહારાષ્ટ્રમાં 'માં'ને 'આઈ' કહે છે, અર્થાત્ ગીતામાં દરેક મુશ્કેલી, દરેક દુ:ખ, દરેક પીડા માટે ગીતા આઈના શરણમાં જાવ, વિનોબાજીનું એ કથન હતું. ગાંધીજી પણ કહેતા હતા કે ગીતા મારી માતા સમાન છે. મને જ્યારે મુશ્કેલીઓ સતાવે છે, ત્યારે હું મારી માતાના ખોળામાં ચાલ્યો જાઉં છું, મને તમામ પ્રશ્નોનો હલ મળી જાય છે. એટલા માટે અહીં વારંવાર ગીતાની સાથે રચનાનો જન્મ આપનાર ગ્રંથકાર વક્તા યોગીરાજ શ્રીકૃષ્ણને સમજવાની વાત કહેવામાં આવી રહી છે. એને સમજ્યા વગર ગીતા ન સમજી શકાય.

ગ્રંથકાર યોગના ઉપદેશક ભગવાન શ્રીકૃષ્ણ જગત્‌ગુરુ છે. એમના અંગે કહેવામાં આવે છે, કે -

**वसुदेवसुतं देवं कंसचाणूरमर्दनम्।**
**देवकीपरमानन्दं कृष्णं वंदे जगद्‌गुरुम्॥**

ભગવાન શ્રીકૃષ્ણ સમગ્ર જગતના ગુરુ છે. એ દિવસોમાં તેઓ યુગની સમસ્યાઓને હલ કરવાનો વિરાટ સંકલ્પ લઈને ધરતી પર આવ્યા હતાં. અનેક પ્રકારની સમસ્યાઓ હતી. રાષ્ટ્રીય, ઉચ્ચનીચનો ભેદભાવ, ધાર્મિક, પ્રકૃતિ જગત સંબંધી, એ સૌ માટે એમણે કહ્યું કે 'संभवामि युगे युगे' હું ધર્મની સારી રીતે સ્થાપના કરવા માટે યુગે યુગે પ્રગટ થતો રહું છું. દરેક યુગમાં અવતારની આવશ્યકતા ઉદ્‌ભવે છે. આ કાર્ય માટે જ ભગવાન શ્રીકૃષ્ણ પોતાના યુગમાં જગત્‌ગુરુ બનીને આવ્યા. આ શબ્દો

બીજા કોઈ પણ અવતાર સાથે પ્રયુક્ત થયા નથી, માત્ર શ્રીકૃષ્ણ માટે જ થયા છે, જેઓને મહાયોગી શબ્દોથી પણ અને યોગીરાજ શબ્દથી પણ સંબોધવામાં આવ્યા છે. આ જ ભગવાન શ્રીકૃષ્ણની ગીતા સાથે જોડાઈને આ જ વિશેષતા ઝળકે છે.

પરમ પૂજ્ય ગુરુદેવે ૧૯૬૯ની અખંડ જ્યોતિમાં 'અવતાર' પ્રક્રિયા પર પ્રકાશ ફેંકતા લખ્યું છે, કે ''અવતારની પ્રક્રિયા એક જ છે, કે લોકોના મગજમાં ઉદ્દંડતા સામે યુધ્ધ પેદા કરવું. અવતારનું આ જ વાસ્તવિક સ્વરૂપ છે.'' આગળ ઉપર એમણે લખ્યું છે, કે ''ઈશ્વરની શક્તિઓ એક જ વિચાર પ્રવાહ અને કાર્યપ્રવાહ રૂપે અવતરિત થાય છે અને એ સમયની સમસ્યાનો ઉકેલ આણે છે.'' પરમ પૂજ્ય ગુરુદેવ પણ જગત્ગુરુ સ્તરનું અવતારી સ્વરૂપ ધારણ કરી આ ધરતી પર આવ્યા. એમણે માત્ર જ્ઞાન, કર્મ, ભક્તિ અને નીતિનો જ ઉપદેશ ન આપ્યો, પરંતુ એમણે ઉપાસનાના અનેક પ્રકારના રસ્તાઓ ચિંધ્યા. એને યુગધર્મ સાથે જોડી આરાધનનાનું તથા વિશ્વબ્રહ્માંડની સેવા સાધનાનું વિરાટ રૂપ આપી દીધું. વિચાર ક્રાંતિ દ્વારા આસુરી ચિંતનને નાબુદ કરવા માટે એમણે વ્યાપક જ્ઞાનયજ્ઞ રચ્યો. સૌથી મોટી વાત એ છે, કે ગાયત્રી તથા યજ્ઞને સંકુચિત કુંડાળામાંથી બહાર કાઢી એને જનજન સુધી પહોંચતા કર્યા. આ કામ અવતારી શ્રેણીનો, જગતગુરુ શ્રેણીનો આત્મા જ કરી શકે છે. પૂજ્ય ગુરુદેવ કહે છે કે-''દરેક અવતારે પોતાના સમયની વિકૃતિઓના નિરાકરણ માટે નેતૃત્વ જરૂર કર્યું છે, પરંતુ એની પાછળ ખરેખરતો અપાર જનશક્તિ જ હતી. જનશક્તિ જ એ ચંડી છે જે અસુરતાનો સંપૂર્ણ વધ કરવા માટે સમર્થ છે. અહીં એમના ધ્વારા પ્રયુક્ત કરવામાં આવેલ **સંપૂર્ણ વધ** શબ્દ પર ધ્યાન આપવું જરૂરી છે. સંપૂર્ણ વધ નહીં કરુ, આંશિક વધ કરીશ, તો અસુરતા ફરી જીવિત થવા અને સવાર થવા લાગશે. એટલા માટે અસુરતાનો સંપૂર્ણ નાશ થઈ જવો જોઈએ. પરમ પૂજ્ય ગુરુદેવે પણ લાલમશાલની નીચે વિરાટ માનવમેદની ઉભી કરી છે અને એના ધ્વારા સંપૂર્ણ ક્રાંતિની રૂપરેખા સ્પષ્ટ કરી નવયુગની સંભાવનાઓને વિચારયુધ્ધ રૂપી મહાભારતના માધ્યમથી સાકાર કરવાની વાત કહી છે. ૧૯૬૯ની અખંડ જ્યોતિનો ઓગસ્ટ માસનો સંપૂર્ણ અંક'વિચારક્રાંતિ' છે. એમાં એવો લખે છે, કે 'આજે પાર્થ સારથીની

વ્યાકુળતા સ્પષ્ટ અનુભવી શકાય. અર્જુનને દુઃખી, વ્યાકુળ જોઈ એમને કેટલી બેચેની છે, એને કદાચ જ કોઈ જ અનુભવ કરી શકે.' અહીં આપણે અગર એ વાક્યોને સમજી શકીએ તો પાર્થસારથી અર્થાત્ પાર્થના સારથી શ્રીકૃષ્ણ પરમ પૂજ્ય ગુરુદેવ છે અને આપણે સૌ પ્રજ્ઞા પરિજનો અર્જુન છીએ, આપણાંને દુઃખી, વ્યાકુળ શુદ્ર શ્રેણીનું જીવન જીવતાં જોઈ એમને કેટલી વ્યથા થઈ રહી હશે, એ સમજી શકાય તેમ છે. આ દૃષ્ટિકોણથી આપણે ગુરુદેવ અને ગીતાના એમના ઉપદેશને સમજવો જોઈએ.

જગત્ગુરુ ભગવાન શ્રીકૃષ્ણે આ જે ગીતા કહી છે-એને ભગવત્ ગીતા કહેવામાં આવી છે. એટલા માટે સમગ્ર ગીતામાં જ્યારે એમના ઉપદેશવાળા પ્રકરણનો આરંભ થાય છે, ત્યારે એક જ શબ્દ આવે છે. 'શ્રી ભગવાન ઉવાચ.' ક્યાંય પણ શ્રીકૃષ્ણ વાસુદેવ એવો ઉલ્લેખ નથી. આ જ એ ઉપદેશ છે, જે મહાભારતના મહાસમરાંગણમાં યોગસ્થ બની ભગવાનના ભાવથી પરમાત્માની ચેતનામાં સમાઈ એમણે અર્જુનને આપ્યો હતો. એટલા માટે એને ભગવત્ ગીતા કહેવામાં આવી છે. આમ તો ભગવાન શ્રીકૃષ્ણે અનુગીતા, પાંડવગીતા તથા ઉદ્ધવગીતા નામના બીજા પણ ત્રણ ઉપદેશો આપ્યા છે, પરંતુ એને શ્રીમદ્ ભગવત્ ગીતાના નામથી સંબોધવામાં આવ્યા નથી. અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું કે મહાભારતના યુદ્ધમાં ગીતાના ઉપદેશથી મારા વ્યાકુળ દુઃખી ચિત્તને ખૂબ જ શાંતિ મળી, કારણ કે હવે યુધ્ધ સમાપ્ત થઈ ગયું છે. હું એ સમયે રણભૂમિમાં હોવાના કારણે સંપૂર્ણ રીતે સમજી શક્યો નહીં, એ ઉપદેશને હું ફરીથી સાંભળવા માંગું છું. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને અનુગીતા સંભળાવી. પાંડવ ગીતામાં પાંડવોને સ્વર્ગારોહણ પૂર્વે ઉપદેશ આપવામાં આવ્યો છે અને ઉદ્ધવગીતા જે શ્રીમદ્ ભગવત્ પુરાણના અગિયારમાં સ્કંધનો એક ભાગ છે, જે ભગવાન શ્રીકૃષ્ણ ધ્વારા ઓધવજીને સંભળાવવામાં આવી હતી. આ ત્રણેમાં ભગવાન શ્રીકૃષ્ણનો ભાવ સંભળાવનાર રૂપે છે, પરંતુ શ્રીમદ્ ભગવત ગીતામાં પરમાત્માની ચેતનાનો છે. અર્થાત્ એ એનાથી પણ વધારે મહત્વનો ગ્રંથ બની ગયો છે.

પરમ પૂજ્ય ગુરુદેવ જીવનભર લખતાં રહ્યાં અને અખંડ જ્યોતિના માધ્યમ દ્વારા આપણાંને જે કંઈ પણ કહી ગયા છે, એ યોગસ્થ

બની પરમાત્માની ચેતનામાં લીન બનીને કહી ગયા છે. એટલા માટે એમનું લખેલું દરેક વાક્ય કે જે વાઙ્મય છે, એ આજની યુગગીતા સમાન છે. પરમ પૂજ્ય ગુરુદેવ કહેતાં હતાં કે હું લખતો નથી, પરંતુ મારી ઉપર ભગવાન, દેવી ચેતના ઉતરે છે અને એ જ લખે છે.

ઉપર કહેવામાં આવ્યું છે, કે "**कृष्णं वंदे जगद्गुरुम्।**" આજે જ્યારે આટલા બધા જગત્ગુરુઓ છે, મહામંડલેશ્વરો છે, ત્યારે ભગવાન શ્રીકૃષ્ણને એ દરજ્જો આપવાની શું જરૂરિયાત છે, જે આજે સામાન્ય જેવું બની ગયું છે. દરેક વ્યક્તિ જાતે જ જગત્ગુરુ બની બેઠી છે. ખરેખર તો જગતગુરુ એજ બની શકે છે, કે જે જગતની સમસ્યાનો ઉકેલ આણે. પોતાના સમયની સમસ્યાઓનું નિરાકરણ જે આચરણ, તપ, કાર્યો તથા પોતાની આધ્યાત્મિક શક્તિ દ્વારા સૂચવે અને બીજાઓ માટે ઉદાહરણરૂપ બને, એજ જગતગુરુની ઉપમા મેળવી શકે. ભગવાન શ્રીકૃષ્ણે બાલ્યવસ્થામાં જ બકાસુર તથા પૂતનાના વધથી લઈ ગોવર્ધન ઉઠાવી ગોવાળિયાઓની રક્ષા, સાંદીપની ઋષિના પુત્રોને મુક્તિ અપાવવાથી લઈને કંસ તથા ચાણુરનું મર્દન કર્યું. તેઓ આખું જીવન આ જ લીલા કરતાં રહ્યાં. સમાજમાં ઉદ્દંડ તત્વો ન વધી જાય, એનાથી રક્ષણ કરવું જોઈએ, એજ એમનો લક્ષ્ય રહ્યો. એઓ ઉચ્ચ કોટિના મહાપુરુષ જ હતા, કે જેઓ રાજસૂય યજ્ઞમાં પણ પોતાના મનપસંદ કામ રૂપે અતિથિઓના પગ ધોવાથી લઈને એઠાં પતરાળા ઉઠાવવા જેવું કામ પોતાના ખભા પર ઉઠાવી લીધું, જે એમને અહંકાર ગાળવા શિક્ષણ આપી ગયું. એ દરમ્યાન અગ્રજ પૂજાનું પ્રકરણ આવે છે, જેમાં ભીષ્મપિતામહ વાસુદેવ શ્રીકૃષ્ણનું જ નામ લે છે. કર્મયોગી શ્રીકૃષ્ણ જ જગતપુરુષ બની શકે છે, દરેક વ્યક્ત નહીં.

ગીતામાંથી ભગવાન શ્રીકૃષ્ણની બીજી પણ વિશેષતા ઝળકે છે, એ છે એમનું ભક્ત વત્સલ (ભક્તપ્રેમી) હોવું. ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં વારંવાર કહે છે-

"**मामेकं शरणं ब्रज**" "**न मे भक्तः प्रणश्यति**"

"**मय्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तःस मे प्रियः।**"

હું મારા ભક્તની રક્ષા કરું છું, એને સૌથી વધારે સ્નેહ કરું છું. મહાભારતના યુધ્ધની પછીની આ વાત છે. યુધિષ્ઠિર ભગવાન શ્રીકૃષ્ણને

મળવા આવ્યા. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ પોતાના અંદરના ખંડમાં ધ્યાન કરી રહ્યાં હતાં. યુધ્ધિષ્ઠિર બહાર બેસી રહી એમની આવવાની રાહ જોતા હતાં. ભગવાન બહાર આવ્યા પછી યુધિષ્ઠિરે પૂછયું 'ભગવાન! આપ તો સ્વયં પરમાત્મા છો, તો આપને ધ્યાન કરવાની શું જરૂરિયાત? ' તેઓ બોલ્યા-'હું મારા ભક્ત ભીષ્મપિતામહનું ધ્યાન કરી રહ્યો હતો. તેઓ અત્યારે બાણશૈય્યા પર પડેલાં છે. વિવશ થઈને નીતિ સાથે બંધાયેલા હોવાના કારણે તેમણે અર્જુનને ભીષ્મપિતામહ પર બાણ ચલાવવાનું કહ્યું હતું અને ભીષ્મ પણ વિવશ થઈને જ લડ્યા હતાં, પરંતુ અંદરથી તેમનો અનુરાગ શ્રીકૃષ્ણના પરમાત્મા સ્વરૂપ પ્રત્યે હતો. તેઓ પણ બાણની શૈય્યા પર સૂતા સૂતા એમનું જ ધ્યાન કરી પોતાની પીડા દૂર કરી રહ્યાં હતાં. આ કેટલી અદ્ભુત વાત છે. ભક્ત ભગવાનનું ધ્યાન કરી રહ્યા છે અને ભગવાન ભક્તનું, જે પોતાની ભાવનાઓ ભગવાનને સમર્પિત કરે છે. ત્યારે ભગવાન જાતે જ એ ભક્તના જ દાસ બની જાય છે અને સતત એમનું સ્મરણ કરતા રહે છે, એમની રક્ષા કરતા રહે છે.'

પરમ પૂજ્ય ગુરુદેવ પણ પ્રેમનો વિરાટ મહાસાગર હતાં. જે ખંડમાં આજે પૂજ્ય ગુરુદેવનું નિવાસ સ્થાન છે, એની પાછળ એક ગૌશાળા આવેલી છે. તેઓ જ્યારે ગાય તથા વાછડાંને અલગ અલગ વાડામાં જોતા હતાં અને જ્યારે એ જાણતા કે માં (ગાય) વ્યાકુળ છે તથા એને (વાછડાને)પાસે આવવા દેવામાં આવતું નથી, ત્યારે એ વેદનાથી એમની આંખમાંથી આંસુ ટપકી પડતાં હતાં. તેઓ અખંડ જ્યોતિમાં લખે છે, કે વાછડાથી વિખૂટી ગાયની ઉદાસીનતા, ભાંભરવું તથા વ્યથા, વેદના જેણે પણ જોઈ છે, એને એ અનુમાન લગાવવામાં મુશ્કેલી ન નડવી જોઈએ કે ગાયથી વધારે ભાવના સંપન્ન અને મોહ, મમતાથી છલકાતા, આ પ્રાણીની આ માણસની શું દશા હોઈ શકે. વીતરાગ, પરમહંસ, સ્થિતપ્રજ્ઞ, સમદર્શી હોવાનો મેં ક્યારે પણ દાવો કર્યો નથી. મારી જો કોઈ ખાસિયત રહી હોય તો એ છે કે મમતા, આત્મીયતા, સ્નેહ અને સદ્ભાવનાનો અંશ બીજાઓથી કંઈક વધારે હોવો. આ વધારાનો અંશ મને રડાવી દે છે. પાષાણ હૃદયી અને પરમહંસોને આવી વ્યથામાં સહજ બની રહેવાનો લાભ પણ મળી જાય છે. પરંતુ જેનું હૃદય કાબુમાં ન હોય એ ગરીબ બિચારો શું કરે. એ પ્રેમ, આત્મીયતા, ભક્તવત્સલતા, પરમ પૂજ્ય

ગુરુદેવને પણ કૃષ્ણની સમકક્ષ મુકે છે.

મહાભારત પછી ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે તત્વજ્ઞાનનો, રાજધર્મનો ઉપદેશ અપાવવા માટે પોતાની સાથે પાંડવોને લઈને ઘાયલ થઈ બાણ શય્યા પર સૂતેલા ભીષ્મપિતામહ પાસે પહોંચ્યા. ત્યારે ભીષ્મપિતામહ બોલ્યા આપનાથી સારો ઉપદેશ આપનાર બીજો કોણ હોઈ શકે? આપ મને યશ આપવા ઈચ્છો છો એ હું સમજી શકું છું, પરંતુ મારું શરીર ઘાયલ છે, મન પણ સ્થિર નથી. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે ભીષ્મપિતામહના માથા પર હાથ ફેરવી કહ્યું કે હવે આપને સમાધિસ્થ કરી દીધા છે. જરાપણ વેદના નહીં થાય. ભીષ્મપિતામહે જે ઉપદેશ આપ્યો, ત્યાર પછી એનું સમગ્ર પર્વ (અધ્યાય) 'શાંતિપર્વ' કહેવાય છે. ભક્ત વત્સલ ભગવાન પોતાના શિષ્ય પર આવી કૃપા કરે છે.

ભગવાન શ્રીકૃષ્ણના જીવનનો વિસ્તાર અનંત છે. અતિવ્યાપક છે. 'પ્રૉફેટ ધ કિંગ મેકર' નામથી સ્વામી શ્રીરામ કૃષ્ણાનંદજી મહારાજે (સ્વામી વિવેકાનંદજીના સાથી-શશિ મહારાજ) એક પુસ્તક લખ્યું છે, જેમાં કૃષ્ણના જીવનના અનેક પાસાનું વિવેચન છે. રાજાઓને સિંહાસન પર બેસાડનાર, જાતે ક્યારે પણ રાજા ન બનવાવાળો અવતાર તો ભગવાન શ્રીકૃષ્ણનો જ છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, કે ''**जन्मकर्म च मे दिव्यम्**''મારો જન્મ તથા કર્મ બન્ને અત્યંત પવિત્ર તથા અલૌકિક છે. તેમના આ તમામ સ્વરૂપો એમની બાળલીલાઓથી લઈને, અસુરોના ઉધ્ધારકર્તા, ભક્ત વત્સલતાવાળા, યશોદા, ગોપીઓ, ગોવાળિયાના બાળકો સાથેની બાળ ક્રીડા રૂપે નજરે પડે છે. કંઈક આવું જ વિલક્ષણ સામ્ય પરમ પૂજ્ય ગુરુદેવના જીવનમાંથી પણ મળે છે.

ભગવાન કૃષ્ણે જ્યાં જ્યાં પણ ગુણો જોયા છે, ત્યાં એનું સન્માન કર્યું છે, એની પ્રશંસા કર્યા વગર રહી શક્યા નથી. કર્ણની દુર્યોધન પ્રત્યે મિત્રતા જોઈ એની પણ પ્રશંસા કરી. યુધ્ધના મેદાનમાં કર્ણની યુધ્ધમાં નિપૂણતા જોઈ એની પણ પ્રશંસા કરી. આ ગુણ ભગવાન શ્રેણીની વ્યક્તિમાં જ હોઈ શકે. મહાભારતમાં ભગવાન સારથી બન્યા. સારથીનો અર્થ છે. પોતાના મનની કમાન ભગવાનના હાથમાં સોંપી દેવી. એમનું એક નામ છે 'ઋષિકેશ'-ઋષિક અર્થાત્ ઇંદ્રિયો, ઈશ અર્થાત્ સ્વામી-ઇંદ્રિયોનો, અંતઃકરણનો સ્વામી. અગર આપણે એમને આ સ્વરૂપે સ્વીકારી લઈએ,

એમને જીવનની નાવના સારથી બનાવી લઈએ તો કોઈ મુશ્કેલી નહીં પડે, પરંતુ એને માટે આપણે અર્જુન બનવું પડશે. રિજુ- ન શબ્દથી અર્જુન શબ્દ બન્યો છે અર્થાત્ જે વાંકુ નહીં, સીધું સરળ છે. શંકા હોય તો સ્પષ્ટ કહે છે. સમજમાં ન આવે તો કહી દે, કે 'હું શિષ્યના ભાવથી આપના શરણમાં આવ્યો છું, મને કર્તવ્ય, કર્મ સમજાવો.''**शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम्।**'' જ્યારે આ ભાવ મનમાં પેદા થઈ વ્યવહારમાં ઉતરવા લાગે છે, ત્યારે ત્યાંથી ભગવાનનો ગીતાનો ઉપદેશ આરંભ થઈ જાય છે. શરણાગતિ, સમર્પણ આ જ ગીતાનો મર્મ છે. ભગવાને અર્જુનને વારંવાર અહંકારનો, કર્મોના ફળનો, કર્મ-આસક્તિ પ્રત્યે સમર્પણનો ત્યાગ સમજાવ્યો છે જે આપણાં સૌ માટે આત્મસાત કરવા યોગ્ય છે.

જ્યાં સુધી આપણે ભગવાન કૃષ્ણના વ્યક્તિત્વને સમજી શકતા નથી, ત્યાં સુધી આપણે એમની વાણીનો આત્મસાત કરી શકતા નહીં કરી શકીએ, કે તેઓ વારંવાર (અવતરિત) થશે.'**संभवामि युगे-युगे**'. આજનું મહાભારત એ યુગના મહાભારતથી પણ ઘણું મોટું છે. ત્યારે તેમાં દેશ-દેશાતંરના, ભારત વર્ષના લોકો સામેલ હતાં. આજે સમગ્ર વિશ્વ બે વિશ્વયુધ્ધ થઈ ગયા પછી પણ ત્રીજા વિશ્વયુધ્ધના કિનારે ઉભું છે. એટલા માટે આજે પણ ભગવાન શ્રીકૃષ્ણ સામયિક છે અને ગીતા આજે પણ યુગાનુકૂળ છે. પરમ પૂજ્ય ગુરુદેવે ચિંધેલા આદર્શો, જીવન વિદ્યા સંબંધી નિર્દેશો, શ્રીમદ્ ભગવત ગીતાની નવી આવૃત્તિ છે. એટલા માટે આપણે ગીતા વિશ્વકોશના વિરાટ વિવેચન પહેલાં ભગવાન શ્રીકૃષ્ણ અને પરમ પૂજ્ય ગુરુદેવના વ્યક્તિત્વને અને કાર્યોને તથા જીવનના દરેક પાસાને સમજવું પડશે. અગર આપણે અર્જુન બની શકીએ તો ગીતા આપણાં રોમેરોમમાંથી, શ્વાસોશ્વાસમાંથી બોલશે.

આ અધ્યાયને આપણે સૌ ગીતા અને ગુરુજીના ચિંતનના દૃષ્ટિકોણથી સમજવા પ્રયત્ન કરીશું તો આપણાંને ડગલેને પગલે તેમનું પરોક્ષ માર્ગદર્શન મળતું હોવાનો અનુભવ થશે. આ અધ્યાય પોતાની રીતે અભૂતપૂર્વ છે. એમાં ક્યાંય પણ ભગવાન કૃષ્ણના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આ ઉલ્લેખ આપણે સંપૂર્ણ ગીતામાં માત્ર ''શ્રી ભગવાન ઉવાચ''ના નામથી થતો જોઈ શકીશું. અર્જુન દ્વારા રણભૂમિની વચ્ચે જ્યારે રથ ઉભો કરવામાં આવ્યો ત્યારે શ્રીકૃષ્ણના માધ્યમ દ્વારા

એક નાનકડા સંદર્ભ રૂપે સંજયે કહ્યું-''**उवाच पार्थ पश्यैतान्समवेतान्कुरूनिति**''(૨૫ મા શ્લોકનો ઉત્તરાર્ધ) અર્થાત્ હે પાર્થ! તૂં યુધ્ધ માટે એકઠા થયેલ આ કૌરવોને નિહાળ! બાકીના સત્તર અધ્યાયમાં તો અર્જુન વારંવાર પોતાના મનમાં મુંઝવતા પ્રશ્નો જ રજુ કરે છે અને ભગવાન શ્રીકૃષ્ણ એનો જવાબ આપે છે, પરંતુ આ અધ્યાયમાં સંજયના માધ્યમ ધ્વારા રણમેદાનનું વર્ણન કરવામાં આવ્યું છે અને પછી અર્જુનની દુવિધા ભરી હતાશ નિરાશ સ્થિતિનું વર્ણન કરવામાં આવ્યું છે. આ અધ્યાયમાં ત્રણ પાત્ર છે-ધૃતરાષ્ટ્ર, સંજય અને અર્જુન, કે જેમને સમગ્ર ગીતામાં પાર્થ, ધનંજય, ગુડાકેશ, કૌન્તેય વગેરે અનેક નામથી સંબોધવામાં આવ્યા છે. પ્રથમ આપણે આ પાત્રોનો ઓળખી લઈએ.

ગીતાનો શુભારંભ જ ધૃતરાષ્ટ્રના નામથી કરવામાં આવ્યો છે. ધૃતરાષ્ટ્ર અંધ હતા, મોહાંધ હતા. ગીતા અંધ વ્યક્તિના કથનથી આરંભ થઈને ૧૮મા અધ્યાયમાં સંજયના એ વચન પર જઈને સમાપ્ત થાય છે, કે જ્યાં અર્જુન તથા શ્રીકૃષ્ણ જેવા બે મહાપુરુષો હોય, ત્યાં વિજયતો અવશ્ય નીતિનો જ થાય છે. ધૃતરાષ્ટ્ર મોહાંધ સ્વરૂપે પ્રથમ શ્લોક રૂપે પૂછી બેસે છે-

**धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः।**
**मामकाः पाण्डवाश्चैव किमकुर्वत संजय॥ १/१॥**

હે સંજય! કુરુક્ષેત્રની ધર્મભૂમિ-રણભૂમિમાં એકત્ર થયેલ યુધ્ધની ઈચ્છા ધરાવનાર મારા તથા પાંડુના પુત્રોએ શું કર્યું? આ યુધ્ધમાં ધૃતરાષ્ટ્રને માત્ર પોતાન જ પુત્રો દેખાતા હતા. તેઓ પ્રથમ જ એ વાક્ય બોલે છે-મારા પુત્રોની સ્થિતિ શું છે-**'मामकाः'** એ નહીં કે પ્રથમ પોતાના મૃત્યુ પામેલ ભાઈના એ છોકરાઓ અંગે પૂછપરછ કરવામાં આવે કે જેઓ એમના અત્યાચારી પુત્રો દ્વારા સતત સતાવવામાં આવતા રહ્યા છે અને તેઓ છુપાવેશે ભટકતા રહ્યા છે. ત્યારબાદ તેઓ કહે છે, કે મને પાંડુના બાળકો અંગે બતાવો-**'पाण्डवाश्चैव'।** ધૃતરાષ્ટ્ર સવાલ કરે છે, કે જેઓ અંધ છે. આજના મોટા ભાગના લોકોની આ જ સ્થિતિ છે-પુત્રેષણાથી, લાલસાથી, આંધળી વ્યક્તિ પારકાનું હિત જોતી નથીને પ્રથમ પોતાના નાલાયક પાપી પુત્રોનું હિત જાણવાનો પ્રયત્ન કરે છે. ગીતાનો શુભારંભ કરનાર તથા આ પ્રશ્ન પૂછનાર રૂપે ધૃતરાષ્ટ્ર મહાભારતનું એક પાત્ર છે.

આજે સમાજમાં, રાજકારણમાં અને આપણી આસપાસમાં તો આવા ઢગલાબંધ ધૃતરાષ્ટ્રો ભરેલા પડ્યા છે, કે જેઓ પુત્રના મોહમાં આંધળા બનીને નીતિ નિયમને અભરાઈ પર ચઢાવી તેઓ તેમના દ્વારા જ જાણે વ્યવહાર ન કરતા હોય અને પોતાના જ્ઞાન ચક્ષુને તો જગાડી જ શક્યા નથી. આ કારણે આજે સમાજમાં એક ખૂબ જ મોટો વિરોધાભાસ પેદા થયો છે.

બીજું પાત્ર છે સંજય, કે જે ધૃતરાષ્ટ્રના પ્રશ્નનો જવાબ આપે છે અને પોતાની દિવ્ય દૃષ્ટિથી જોઈ એને સંપૂર્ણ ગીતા સંભળાવે છે. અંધ ધૃતરાષ્ટ્રના સંજય સારથી છે. સંજય સૌભાગ્યશાળી વ્યક્તિ હતા. કારણ કે તેઓ મહાત્મા વિદુરજીના શિષ્ય હતા. ભારતવર્ષના ઈતિહાસમાં વિદુરના જેવા જ્ઞાની, નીતિજ્ઞ, પરમભક્ત કોઈ વિરલાઓ જોવા મળે છે. ત્યારે તો ભગવાને દુર્યોધનના મેવાનો ત્યાગ કરી વિદુરજીના ઘરે સાદી સાત્વિક ભાજી આરોગી હતી. સાદગીભર્યું જીવન જીવનાર વિદુરજીના જીવનમાં અર્થાત્ આચરણમાં અને કામમાં કોઈ અંતર જોવા મળતું ન હતું. એમનું જીવન ખૂબ જ સરળ હતું. એ જ વિદુરજીએ પોતાની તપશ્ચર્યાની સિધ્ધિથી સંજયને દિવ્ય દૃષ્ટિ આપી. ધૃતરાષ્ટ્ર એટલા માટે પ્રશ્ન પૂછી રહ્યા છે, કે તેઓ આંધળા તો છે જ, પરંતુ તેમના પ્રજ્ઞાચક્ષુઓ પણ જાગૃત થઈ રહ્યા નથી. સંજયને તો દિવ્ય દૃષ્ટિ મળેલી હતી, કે જેના કારણે તે આંખે દેખેલો અહેવાલ-યુધ્ધના મેદાનમાં દૂર દૂર બની રહેલ એક એક પ્રસંગ અને માનસિક સ્થિતિના ઉતાર ચઢાવનું વિવેચન સંભળાવી શકવા સફળ થયા. સંજય પાસે બાહ્ય દૃષ્ટિ પણ છે. સાથે સાથે તેઓ પ્રજ્ઞાવાન પણ છે, નીતિજ્ઞ પણ છે. દિવ્ય દૃષ્ટિ સંપન્ન તથા એક અંધ રાજાના નમ્ર સેવક પણ હતા.

સંજય મહાભારતનું આ સંપૂર્ણ દૃશ્ય પોતાના મનોમય કોશના જાગરણની સિધ્ધિના માધ્યમ દ્વારા માત્ર ધૃતરાષ્ટ્રને જ નહીં, પરંતુ તેઓ યુગોયુગોથી સ્વાધ્યાય કરી રહેલ આપણે સૌ જિજ્ઞાસુઓને દેખાડતા રહ્યા છે. વિદુરજીએ એમના આજ્ઞાચક્રની જગ્યાએ સ્પર્શ કરી એમનો મનોમય કોશ જગાડ્યો હતો. આજ્ઞાચક્ર જ્યારે જાગૃત થાય છે ત્યારે શું બને છે? પ્રકાશપુંજ દેખાય છે. જેવી રીતે સર્કસમાં સર્ચલાઈટ હોય અને એ બીંબની જેમ ત્યાં જઈને સ્થિર થઈ જાય છે, કે જ્યાં યુદ્ધ થઈ રહ્યું છે. સંજય એની

સાથે સંકળાયેલ અહેવાલ સંભળાવી રહ્યો છે. આપણાં શરીરમાં પીટુટરી તથા પીનિયલ ગ્રંથીની વચ્ચે હાઈપોથેલેમસ નામનું સ્થાન હોય છે. એને દ્વિદળી આજ્ઞાચક્ર કહેવામાં આવે છે. એના જાગરણની સિધ્ધિનો ચમત્કાર જ છે, કે જે એકાગ્ર થતાં જ સર્કસની સર્ચલાઈટની જેમ મનમાંથી પ્રગટતું પ્રકાશનું બીંબ-પ્રખર કિરણોનો પુંજ ત્યાં પહોંચી કુંડાળુ બનાવી લે છે. અને એ કુંડાળામાં સંકલ્પિત જગ્યા દેખાય છે. સંજય પોતાની આ સિધ્ધિના બળ પર ભાવવિભોર બનીને સમગ્ર દૃશ્ય જોઈ પોતાના રાજાને સંભળાવી રહેલ છે. ગીતા કે જેને વિદુર, ભીષ્મ અને કૃપાચાર્યનો સત્સંગ પ્રાપ્ત થયેલ છે, ગીતા એવા સંજયની દિવ્ય દૃષ્ટિનું વિવેચન છે. સંજય કૌરવોની વચ્ચે જરૂર રહેતા હતા, પરંતુ તેઓ કૌરવોના ન હતા. તેઓ નીતિની બાબતમાં પાંડવોના સદાચારના પક્ષમાં છે. આ જ એમની સૌથી મોટી વિશેષતા છે.

ત્રીજુ પાત્ર છે અર્જુન. અર્જુન વીર છે-યોદ્ધો છે, પરંતુ તેના મનમાં શંકા છે, ભ્રમ છે, વ્યાકુળતા છે અને મુશ્કેલીઓ છે. એ આ સમયે હતાશ, નિરાશ, વ્યક્તિરૂપે આપણી સમક્ષ આવે છે. જ્યારે કોઈ વ્યક્તિ ચારે તરફથી નિરાશ થઈ જાય છે, ત્યારે એ ધર્મ સમ્મૂઢ (મૂર્છિત) કહેવાય છે. તેની મૂર્છાની આ સ્થિતિ આત્મજાગૃતિની સ્થિતિ છે, અભિલાષા પેદા થવાની સ્થિતિ છે. આ માનસિક સ્થિતિ પેદા થયા પછી જ શિષ્યત્વ પેદા થાય છે. જે આ વિષાદની સ્થિતિમાં ઉંડા તળિયા સુધી ચાલ્યો જાય, કે જેવું ગીતાના પ્રથમ અધ્યાયમાં સમજાવવામાં આવ્યું છે. આપણે સમજી લેવું જોઈએ કે તે આત્મસંતાપની એ પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યો છે, જે ગુરુ સુધી પહોંચાડવા માટે જરૂરી હતી. જેને ગુરુની આવશ્યકતા હોય છે, એજ વિષાદની ઉંચસ્થિતિ સુધી પહોંચે છે. જેને ગુરુ જોઈતો જ નથી એ ન તો ગુરુને શોધવાની ઈચ્છા રાખે છે, ન તો એ ગુરુને ઓળખી શકે છે, એ ખૂબ દુર્ભાગ્યશાળી છે, એ સમગ્ર જીવન દરમ્યાન પ્રવચન આપતો રહે છે, તર્ક રજુ કરતો રહે છે, નીતિની વાત કરે છે, પરંતુ તે એને પોતાની ઉપર લાગૂ કરતો નથી. પોતાના તર્કો ધ્વારા પોતાના પ્રશ્નોનું નિરાકરણ કરી આધ્યાત્મિક પ્રગતિના પથમાં અવરોધ પેદા કરી દે છે. રાજા યુધિષ્ઠિર ધર્મરાજા કહેવાતા હતા, નીતિની વાત કરતા હતા, દુનિયા ભરની વાતોનું વિવેચન કરી દેતા, પરંતુ તેઓ

ક્યારે પણ શિષ્ય ન બની શક્યા. તેઓ માત્ર એક ઉપદેશ આપતા ધર્મરાજ જ બની રહ્યાં. ભીમ પોતાની શારીરિક શક્તિ પર વધુ વિશ્વાસ રાખતા હતાં, પોતાની તાકાતનું એમને વધુ અભિમાન હતું. તેઓ વિચારતા હતા કે સંપૂર્ણ યુધ્ધ પોતાની શક્તિના બળ પર જીતી લેશે, એનાથી વધુ એમણે ક્યારે પણ વિચાર્યું નહીં, નિકુળ અને સહદેવ ભાવનાશીલ હતા, સરળ હતા, પરંતુ તેઓ તાર્કિક ન હતા, તેઓ જે પણ કંઈ કહેવામાં આવતું તે કરી લેતા હતા. આપણે મહાભારતના આ તમામ પાત્રોને શ્રીમદ્ ભગવત ગીતાના દૃષ્ટિકોણથી સમજવા પ્રયત્ન કરવો જોઈએ. આપણે જાણવું જોઈએ કે પોતાના મનમાં ગુરુનો ભાવ કેવી રીતે પેદા કરવામાં આવે છે. વિષાદની, દુવિધાની, ધર્મ સમ્મુઢતાની, ઉચ્ચ પરાકાષ્ઠાની સ્થિતિમાં ગુરુની જરૂરિયાત ઉદ્ભવે છે. આ વાસ્તવિકતાને સમજવા માટે પ્રથમ અધ્યાય ઘણો મહત્ત્વનો છે. અહીં અર્જુનના મનમાં ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે મિત્રતાનો ભાવ છે, સખાનો ભાવ છે, સાચી આત્મીયતા છે, પરંતુ ગુરુ કે ભગવાનનો ભાવ નથી. એમના મનમાં એનો ભાવ પેદા કરવા માટે એને ભગવાને સગા સંબંધીઓની વચ્ચે યુધ્ધમાં ઉભો કરી વિષાદની એ ઉંચ્ચ સ્થિતિ પેદા કરી છે.

કેટલાયે પરિજનો એવું કહેતા રહેતા હોય છે, કે અમો ગુરુદેવ માતાજીની ખૂબ નજીક હતા. અમારી પાસે ગુરુદેવનો ઝભ્ભો રાખેલો છે, ગુરુદેવના જે દાંત કાઢવામાં આવ્યા હતાં એને મેં પોતાની પાસે રાખી લીધા છે. માતાજીના ચંપલો અમારી પાસે રાખેલા છે. ગુરુદેવ દ્વારા ઉપયોગમાં લેવાયેલી પેન અમારી પાસે છે. સંભવી શકે છે, કે શ્રધ્ધાવશ એમની પાસે આ બધી જ ચીજવસ્તુ હોય; પરંતુ જેઓ ગુરુદેવ જેવી અવતારી શક્તિને, ભગવત્ સ્વરૂપને સમજી શક્યા જ નથી, પોતાના અંતઃકરણમાં વિષાદ પેદા કરી શક્યા જ નથી, તેઓના મનમાં સાચુ શિષ્યત્વ ક્યારે પણ જાગ્યું નથી. તેઓ તો કહેવા પૂરતા જ તેમને પરમ પૂજ્ય ગુરુદેવ કહેતા હતા. તેમના નામનો ઢોલ વગાડતા રહેતા હતા. ગુરુ જ્યારે શિષ્યના અંતઃકરણમાં વિરાજમાન થાય છે, ત્યારે ઉચ્ચ વિષાદની સ્થિતિ પેદા કરી એના (શિષ્યના) મોહને તોડે છે. એના જીવનમાં સાચો વૈરાગ પેદા કરી બ્રાહ્મી ચેતના સાથે એના તાણાવાણા જોડે છે આ અધ્યાયમાં અર્જુનનો વિષાદ એ જ બતાવે છે, કે ગુરુને પ્રાપ્ત કરવા માટે

ભયંકર માનસિક વ્યાકુળતાની પરિસ્થિતિમાંથી પસાર થવું પડે છે. એ ગુરુ સંબંધી હોઈ શકે છે, મિત્ર સંબંધી પણ હોઈ શકે, એક ઠગ માટે આડા સમયમાં કામમાં આવનાર સાધન સંપન્ન વ્યક્તિ પણ હોઈ શકે. પરંતુ ગુરુ ક્યારે કયા સાચા શિષ્ય માટે સાચો ગુરુ બને છે, એ જાણવું હોય તો આપણે પ્રથમ અધ્યાયને મન લગાવી વાંચવો જોઈએ તથા આત્મસાત કરવો જોઈએ.

ભગવાન તથા ભક્તનો સંબંધ ખૂબ જ ઉચ્ચકોટિનો છે. ભક્ત ભગવાનને ધમકાવે છે અને ભગવાન પોતાના સાચા શિષ્યની-ભક્તની દરેક વાત માનવા તૈયાર ઉભો રહે છે, ભલેને તે નામદેવ હોય, ભલેને તે કબીર હોય, ભલેને તે મગરના મોઢામાં ફસાયેલ ગજરાજ હોય અથવા દ્રૌપદી હોય. સંત નામદેવની કથા તો આપ જાણો છોને? સંતનામદેવે ભગવાનને ધમકાવ્યા હતા કે અમો આપના આંગણામાં આપની મૂર્તિસમક્ષ ઉભા રહી કીર્તન કરી રહ્યા છીએ અને પેલા બ્રાહ્મણો, પંડિતો અમોને બહાર નિકળી જવાનું કહી રહ્યા છે. આપ એમને કંઈ કહેતા કેમ નથી? ભગવાન કંઈપણ ન બોલ્યા. તેઓ ભગવાનથી નારાજ થઈ બસ મંદિરની પાછળ ચાલ્યા ગયા, ત્યાં રહી કીર્તન કરવા લાગ્યા. ભગવાનથી પોતાના ભક્તની વ્યાકુળતા, એમનું અપમાન જોઈ ન શકાયું. એમણે મંદિરનું મુખ એક તરફ કરી દીધું, કે જે તરફ નામદેવ ઉભા હતા. પંઢરપુરમાં જેટલા પણ મંદિરો બનાવવામાં આવેલા છે એ બધા જ મંદિરોના દ્વારા પૂર્વ તરફ મોઢું કરેલ છે, પરંતુ આ એક જ મંદિર એવું છે, કે જેના દ્વાર પશ્ચિમ તરફ છે અને આજ સુધી તેના ભક્તની કીર્તની ગાથા ગાય છે. ભગવાન તથા તેના ભક્તનો સંબંધ અલગ છે. ગુરુ તથા શિષ્યનો સંબંધ અલગ છે. ગુરુ પિંજારાની જેને શિષ્યને પિંજે છે, એને કાબેલ બનાવે છે. આ હાડમાંસના સંબંધો, ભાવનાના સંબંધો, અલગ છે. ગુરુ શિષ્યત્વનું કેવી રીતે ઉત્થાન કરે છે, એનું સૌથી શ્રેષ્ઠ ઉદાહરણ છે શ્રીમદ્ભાગવત્ ગીતાનો પ્રથમ, બીજો, અગિયારમો, સત્તરમો તથા અઢારમો અધ્યાય. આમ તો પૂરી ગીતા જ સાચા શિષ્યના ઉત્થાન માટે એક સંપૂર્ણ પાઠ્યપુસ્તક છે.

ભગવાન શ્રીકૃષ્ણ તથા અર્જુન સૌ કરતા વધુ નજીક હતાં, જુના સંબંધી પણ હતા. દ્રૌપદીના લગ્ન સમયે પણ અર્જુન તથા કૃષ્ણ સાથે હતા

અને ભગવાન શ્રીકૃષ્ણની બહેન સુભદ્રાના લગ્ન પણ અર્જુન સાથે જ થયા હતા, એ નાતે સાળા બનેવી પણ હતાં. માતા કુંતી ભગવાન શ્રીકૃષ્ણના ફોઈ હોવાના નાતે મામા ફોઈના ભાઈઓ પણ હતા. ગુપ્તવેશે પણ સાથે રહ્યા. અનેક યુધ્ધો પણ સાથે સાથે લડ્યા, પરંતુ ભાવ તો એ જ રહ્યો, સખા, મિત્ર તથા ભાઈનો. જેને ગીતાના કાવ્યની રચના કરનાર મહર્ષિ વ્યાસે અર્જુનના મનમાં વિષાદ પેદા કરી જગાડવાનો પ્રયત્ન કર્યો છે. અર્જુન શ્રીકૃષ્ણના યોગેશ્વર સ્વરૂપથી પરિચિત જરૂર છે, પરંતુ એ આ સીમા સુધી ધર્મ મુર્છિત-કિંકર્તવ્યવિમૂઢ છે, કે એ પોતાના સગાસંબંધીઓ ની સામે જોઈ ખૂબ હતાશ સ્થિતિમાં હોવાથી એક મહાગુરુ યોગીરાજ શ્રીકૃષ્ણને ઓળખી ન શક્યો.

લગભગ આવી જ સ્થિતિ આપણા પ્રજ્ઞા પરિજનોની પણ રહી છે. આપણે પણ આપણાં આરાધ્ય ગુરુદેવને જાણીએ છીએ, પરંતુ માનતા નથી. આપણા મગજમાં આપણી મનોકામના પૂરી કરનાર, આપણાં અનન્ય-આપણાં વડિલ-વાલી વગેરે સ્વરૂપે ઢગલાબંધ સંસ્મરણો છવાયેલા છે, પરંતુ આપણે એ સ્વીકાર કરવા તૈયાર નથી કે તેઓ યોગેશ્વર છે, પ્રજ્ઞા અવતારની શક્તિ છે, મહાદેવ શિવ છે-પરબ્રહ્મ શક્તિના પ્રતિનિધિ છે, જેમને શાસ્ત્રોએ ગોવિંદથી પણ ચઢિયાતું સન્માન આપ્યું છે. આપણી સ્થિતિ અર્જુનથી ભિન્ન નથી. અગર આપણે પણ વિષાદની ઉચ્ચ સ્થિતિ સુધી પહોંચીએ કે જેનું કૃષ્ણ દ્વૈપાયન વ્યાસજીએ શ્રીમદ્ ભાગવત ગીતામાં ખૂબ જ સુંદર વર્ણન કર્યું છે, તો તેઓ જ સદ્‌ગુરુ રૂપે આપણાં ગુરુદેવ પં.શ્રીરામશર્મા આચાર્યજીમાં પ્રગટ થઈને આપણી સન્મુખ આવીને ઉભા રહેશે. આપણે આપણાં ગુરુજીને શરણાગતિના ભાવની સાથે, પરબ્રહ્મની શ્રેણી પર જ સમજવા પડશે. કારણ કે આ જ ભાવ ગુરુરૂપે શિષ્યની અંદર સમગ્ર રસાયણ શાસ્ત્રને, સ્નાયુતંત્રની રચનાને, અંદરના રોમેરોમને બદલવાની શક્તિ ધરાવે છે. અર્જુન રૂપે આપણે સૌ શિષ્યો અગર ઈચ્છતા હોયીએ કે ગુરુજી આપણી અંદર પણ એ જ ભાવ પેદા કરે, તો વિષાદની ઉંચ્ચ સ્થિતિ પર પહોંચી બધુ જ ગુરુજીને સોંપવું પડશે. પોતાની ઈચ્છાઓ સમાપ્ત કરવી પડશે. પ્રથમ અધ્યાયની આ જ વિશેષતા છે, કે અર્જુન જ બોલે છે અને અર્જુન જ જવાબ આપે છે. આ અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણને આ તક તો મળી જ નથી. જાતે જ પ્રશ્ન પૂછે છે, અને જાતે જ

ઉત્તર આપે છે. અર્જુન શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ તર્કો રજુ કરી રહ્યો છે. એવું ત્યારે બને છે, જ્યારે કોઈને સારુ કામ કરવામાં, ધર્મ સંમત આચરણ કરવામાં મુશ્કેલી પડે છે, ત્યારે પોતાના તર્કોથી આ તમામ નીતિની વાતો કાપવાનો પ્રયત્ન કરે છે. અર્જુન વિદ્વાન છે, જ્ઞાની છે, પોતાના સમયનો પ્રસિધ્ધ મહાપરાક્રમી બાણાવળી છે, પ્રતિભાશાળી છે. પાંડવોમાં બીજાઓ પણ છે. પરંતુ અર્જુન જેવો કોઈ નથી. આજના સમયમાં અગર કોઈ યુગનેતૃત્વ સંભાળવાની યોગ્યતા ધરાવતા હોય તો તે માત્ર અર્જુન કક્ષાની વ્યક્તિ જ હોઈ શકે છે, પરંતુ તે નિકુળ, સહદેવ, ભીમ યા યુધિષ્ઠિર શ્રેણીની નહીં, ખરેખર તો અર્જુન સમગ્ર માનવતાનું રિપ્રેઝેન્ટેશન કરી રહ્યો છે. સમગ્ર શિષ્ય સમુદાયનું પ્રતિનિધિત્વ છે. પ્રતીક છે. અર્જુનનો આક્રંદ સાંભળી યોગેશ્વર શ્રીકૃષ્ણે ગીતાના પ્રથમ અધ્યાયમાં જે ઉપદેશ આપ્યો છે. એ શિષ્ય સમુદાય માટે આજે પણ યુગાનુકુળ છે-શાશ્વત છે.

ગીતામાં આરંભથી જ ખૂબ જ વિલક્ષણ સ્થિતિ જોવા મળે છે. અર્જુન તથા ધૃતરાષ્ટ્ર આ બન્ને પેઢીઓ વચ્ચે ખૂબ અંતર છે. બન્ને મોહગ્રસ્ત છે. શોક તથા મોહની સ્થિતિમાં કોઈ નિર્ણય લઈ શકતા નથી. અર્જુન પણ રણભૂમિમાં ઉભેલા સગાવહાલાઓને જોઈ રહ્યો છે અને ધૃતરાષ્ટ્ર પણ સંજયની દિવ્ય દૃષ્ટિના માધ્યમ વડે જોઈ રહ્યાં છે. છતાં પણ બન્નેના મોહમાં અંતર છે. ધૃતરાષ્ટ્ર અગર મોહાન્ધ છે તો અર્જુન મોહમાં વ્યાકુળ છે. ધૃતરાષ્ટ્ર દ્વેષથી ભરેલાં છે, પરંતુ અર્જુન સમર્પણના ભાવથી ભરેલો છે. ધૃતરાષ્ટ્રના કારણે જ જાણે કેટલાયે કુટુંબો મહાભારતના યુધ્ધમાં પાયમાલ થવાના કિનારે આવીને ઉભા રહ્યાં છે, પરંતુ અર્જુન એ સમયના ભારતને મહાભારત બનાવવાની, અનીતિ-અધર્મના સામ્રાજ્યને સમાપ્ત કરવાની ચાવી બનીને આવ્યો છે, આ જ કારણે શ્રીકૃષ્ણે ગીતા સંભળાવવા તથા કર્મયોગનું શિક્ષણ આપવા માટે અર્જુનને પસંદ કર્યો. એજ સાચું પાત્ર છે. આ કારણે તેમણે જ દૈવીકૃપાથી અર્જુનના પોતાના સખા ભક્તના મનમાં ઉચ્ચસ્તરનો વિષાદ ઉત્પન્ન કર્યા. આજે સમાજમાં અનેક ધૃતરાષ્ટ્રો છે. આજનો સમય લોકસેવાના મેદાનમાં ઉતરવાનો છે, પરંતુ તેઓ મોહના કિચડમાંથી બહાર આવવા તૈયાર નથી. આજના યુગના ધૃતરાષ્ટ્રો મળેલી શ્રેષ્ઠ તકને ગુમાવતા માથું ધુણાવતા પછતાતા જોવા મળે છે.

ગીતા આરંભથી જ ખૂબ જ વિલક્ષણ દૃશ્યો રજૂ કરે છે. કુરુક્ષેત્રના

રણમેદાનમાં સંજય બીજા શ્લોકથી જ યુધ્ધનો ચિતાર આપવાનો આરંભ કરી દે છે.

**दृष्ट्वा तु पाण्डवानीकं व्यूढं दुर्योधनस्तदा।**
**आचार्यमुपसंङ्गम्यराजा वचनमब्रवीत्॥ १/२ ॥**
**पश्यैतां पाण्डुपुत्राणामाचार्य महतीं चमूम्।**
**व्यूढां द्रुपदपुत्रेण तव शिष्येण धीमता॥ १/३ ॥**

અર્થાત્-''સંજય બોલ્યો-ત્યારે રાજા દુર્યોધને વ્યૂહરચના ધરાવતા પાંડવોની સેનાને જોઈ એ દ્રોણાચાર્ય પાસે દોડી ગયો અને જઈને બોલ્યો-હે આચાર્ય! આપના બુધ્ધિશાળી શિષ્ય, દ્રુપદપુત્ર, ધૃષ્ટદ્યુમ્ન દ્વારા વ્યૂહાકારમાં ઉભી કરવામાં આવેલી પાંડવોની આ વિશાળ સેનાને જુઓ.''

આ બન્ને શ્લોકના અર્થમાં ઘણી રહસ્યની વાતો છુપાયેલ છે. જે દુર્યોધનની મનો વૈજ્ઞાનિક વૃત્તિઓનો પરિચય કરાવે છે. દુર્યોધન દ્રોણાચાર્ય પાસે જ કેમ ગયો અને બીજા કોઈની પાસે કેમ ન ગયો. ધૃષ્ટદ્યુમ્નનું નામ કેમ લીધું. બીજા કોઈનું કેમ નહીં? એટલા માટે કે ધૃષ્ટદ્યુમ્નનો જન્મ જ દ્રોણાચાર્યના વધ માટે થયો હતો. એટલા માટે દ્રોણાચાર્ય પાસે જઈને ધૃષ્ટદ્યુમ્નનું નામ લેવામાં આવ્યું, કે જેથી એમના મનમાં આક્રોશ વિદ્વેષનો અગ્નિ ભડકી ઉઠે. ધૃષ્ટદ્યુમ્ન અને દ્રુપદનો પુત્ર પાંડવપુત્રોની સેનામાં સેનાપતિ હતા. દ્રોણાચાર્યની દ્રુપદ રાજા સાથે ઘણી મોટી દુશ્મનાવટ હતી, એટલા માટે એણે 'દ્રુપદપુત્ર'નું નામ જાણી જોઈને લીધું. યજ્ઞથી પેદા થયેલ ધૃષ્ટદ્યુમ્ન એ દૈવી આદેશ લઈને આવ્યો હતો કે તે દ્રોણાચાર્યનો વધ કરશે. દુર્યોધન એ વાત સારી રીતે જાણતો હતો કે અગર એણે આરંભથી જ પોતાના સેનાપતિ આચાર્ય દ્રોણના મનમાં આક્રોશ ભરી દેશે તો તેઓ સંપૂર્ણ શુરાતન સાથે આ યુધ્ધ લડશે. એટલું કહી તે સૌના નામ બતાવે છે. પ્રસંગવશ તે અભિમન્યુ સહિત દ્રૌપદીના પાંચે પુત્રોના નામનો પણ ઉલ્લેખ કરે છે, કે જેથી તેનો ગુસ્સો ઠંડો ન થાય. પછી તે પોતાની સેના અંગે પણ બતાવે છે, કે તેમાં કોણ કોણ મહાબળવાન વિદ્યમાન છે. સાથે સાથે તે દસમાં શ્લોકમાં નિર્ણય પણ સ્વયં કરી લે છે, કે આ યુધ્ધમાં કોણ જીતશે. એને કોણ હારશે. એ કહે છે-

**अपर्याप्तं तदस्माकं बलं भीष्माभिरक्षितम्।**
**पर्याप्तं त्विदमेतेषां बलं भीमाभिरक्षितम्॥ १/१०॥**

અર્થાત્ ભીષ્મપિતામહ દ્વારા રક્ષિત આપણી આ સેના તમામ

પ્રકારે અજેય છે અને ભીમ દ્વારા રક્ષિત એ લોકોની સેના જીતવી ખૂબ સરળ છે. ‘‘દુર્યોધનની દૃષ્ટિમાં માત્ર ભીમજ રક્ષક છે. એ એટલો તો ગર્વથી ઉન્મત હતો કે એને પોતાની અગિયાર અક્ષૌહિણી સેના અજેય દેખાઈ રહી હતી અને ભીમ એનો જુનો પ્રતિદ્વન્દી છે. એ અગાઉથી જ હારેલો દેખાય છે. આ જ અતિ આત્મવિશ્વાસ અને દુબુધ્ધિ એના પતનનું કારણ બને છે. સંભવ છે કે એ પણ નહીં હોય, પરંતુ યુધ્ધના મુખ્ય પાત્રો શ્રીકૃષ્ણ અને અર્જુનની ઉપેક્ષા જ એના વિનાશનું કારણ બને છે. દુર્યોધનના મનમાં દ્વેષનું બીજ અંકુરિત થયેલું છે, કે જેથી તેને ગદાધારી ભીમ જ ચારે બાજુ દેખાતો હોય છે. એને તો ભગવાન શ્રીકૃષ્ણ એક ગોવાળિયા રૂપે જ નજરે પડે છે અને અર્જુનના તો માત્ર સારથી રૂપે જ નજરે પડે છે. એની દૃષ્ટિમાં તો તેઓ એક સામાન્ય વ્યક્તિ છે, કે જેમનું એ પહેલાં પણ અપમાન કરીને બેઈજ્જતિ વહોરી ચૂક્યો છે. અગર જો દુર્યોધનનું મૂલ્યાંકન સાચું હોત તો કોણ ક્યાં છે એવું કહીને દસમાં શ્લોકમાં તે ભૂલ ન કરતો. કદાચ તે યુધ્ધ પણ ઈમાનદારી પૂર્વક લડતો. ન લડ્યો એટલે માર્યો ગયો. આપણાં સૌ માટે મહાભારતનું આ ગીતા પ્રકરણ એટલા માટે વાંચવા સમજવા યોગ્ય છે, કે એ આપણાં ચિંતનને વિકસિત કરવાની દૃષ્ટિ પ્રદાન કરે છે. એ આપણાંને જીવન સંગ્રામમાં નીતિના પથ પર ચાલવા માટે પૂરેપૂરું શિક્ષણ આપે છે.